# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે મહેસાણાના ધરોઈ ડેમ ખાતે ‘ધરોઈ એડવેન્ચર ફેસ્ટ’નું ઉદ્ઘાટન કરશે.**
2. **બનાસ ડેરીએ ખેડૂતો પાસેથી દૂધનાં ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટ 25 રૂપિયાનો વધારો કર્યો.**
3. **ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ સુરત , કેશોદ અને ગાંધીનગર ખાતે બનાવટી કોસ્મેટિક ઉત્પાદકો પર દરોડા પાડીને એક કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો.**
4. **આજથી મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનાં ઘટાડાની હવામાન વિભાગની આગાહી.**
5. **આઈપીએલ ક્રિકેટમાં, લખનૌ સુપર જાયન્ટ્સે ગુજરાત ટાઇટન્સને 33 રનથી હરાવ્યું.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# DHAROI FEST

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે મહેસાણાના ધરોઈ ડેમ ખાતે દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નું ઉદ્ઘાટન કરશે.

ગુજરાત પ્રવાસન વિભાગ અને એડવેન્ચર ટૂર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા-ATOAI દ્વારા ધરોઈ ખાતે સૌ પ્રથમવાર આયોજિત આ 'એડ્વેન્ચર ફેસ્ટ'માં પ્રવાસીઓ માટે અતિઆધુનિક 21 AC ટેન્ટ અને અંદાજિત 100થી વધુ બેડની AC ડોર્મિટરીની સુવિધા પણ ઉભી કરાશે.

સાંભળીએ અમારા પ્રતિનિધિનો એક અહેવાલ

**(વોઇસ કાસ્ટ -જયંતિ ચૌધરી)**

---

# RE-NETWORK 2025

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈ કાલે અમદાવાદમાં RE-NETWORK 2025નો પ્રારંભ કરાવ્યો હતો. શ્રી પટેલે જણાવ્યું કે વર્ષ 2001માં રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા 8 હજાર 750 મેગાવોટ હતી , જે અત્યારે 53 હજાર મેગાવોટ થઈ છે. રાજ્યની કુલ સ્થાપિત વીજ ક્ષમતાના 55 ટકા ક્ષમતા રિન્યુએબલ એનર્જી પૂરી પાડે છે.

---

# SWAGAT FARIYAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મે મહિનાનો 'સ્વાગત ઓનલાઈન' ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં 90 જેટલી રજૂઆતો અને લાંબા સમયથી પડતર પ્રશ્નોનું નિશ્ચિત સમયમર્યાદામાં નિરાકરણ માટે સ્પષ્ટ દિશા-નિર્દેશો આપ્યાં હતા.

દર મહિનાના ચોથા ગુરુવારે યોજાતા સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરાય છે.શ્રી પટેલે ગઇકાલે 11 જેટલા રજૂઆતકર્તાઓની રજૂઆતો સાંભળીને તેના નિવારણ માટેના સૂચારુ સૂચનો કર્યા હતા.

સ્વાગત ફરિયાદ નિવારણમાં મુખ્યત્વે મહેસુલ વિભાગમાં જમીન માપણી , સંપાદન, સંપાદન મુક્તિ અને મકાન બાંધકામની સ્ટેમ્પ ડ્યુટીને લગતા તેમજ સિંચાઈ વિભાગમાં પ્રોટેક્શન વોલ સહિતના પ્રશ્નોની રજૂઆત મળી હતી. આ ઉપરાંત પોલીસ, પંચાયતને સ્પર્શતા પ્રશ્નો પણ રજૂ થયા હતા.

---

# BANAS DAIRY MILK PRICE

બનાસ ડેરીએ ખેડૂતો પાસેથી દૂધનાં ખરીદ ભાવમાં વધારો કર્યો છે.

સણાદર ખાતે એક કાર્યક્રમમાં બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ જાહેરાત કરતા જણાવ્યું કે , ખેડૂતોને હવે પ્રતિ કિલો ફેટ 25 રૂપિયા વધુ મળશે. આ જાહેરાતથી પશુપાલકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

નવો ભાવ 1 જૂનથી લાગુ થશે.

---

# FAKE COSMETICS SEIZED

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન કચેરીએ સુરત, કેશોદ અને ગાંધીનગર ખાતે બનાવટી કોસ્મેટિક ઉત્પાદકો પર દરોડા પાડીને એક કરોડની કિંમતનો બનાવટી કોસ્મેટિકનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

કચેરીને બાતમી મળતાં ગાંધીનગર અને અમદાવાદ ગ્રામ્યની ડ્રગની ટીમ દ્વારા વિવિધ સ્થાને દરોડા પાડવામાં આવ્યા હતા.

સોશિયલ મીડિયા પર કોસ્મેટિક બનાવટની ભ્રામક તથા નાગરિકોને ગેરમાર્ગે દોરતી જાહેરાત કરી ઓનલાઇન પ્લેટફોર્મ દ્વારા વેચતા કોસ્મેટિક્સના કુલ 14 નમૂનાનું પરીક્ષણ દરમિયાન નમૂનાઓમાં ભેળસેળ જણાતા ડુપ્લિકેટ કોસ્મેટિકના વેચાણ કરતાં ઇસમો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

આ અંગે રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન કમિશનર એચ.જી.કોશિયાએ વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

## બાઇટ – એચ.જી કોશિયા

---

# CORONA CASE

દેશ અને રાજ્યભરમાં ફરી એકવાર કોરોનાના કેસ વધી રહ્યા છે , હાલ ગુજરાતમાં કુલ 21 કેસ નોંધાયા છે. જેમાંથી 15 એક્ટિવ કેસ છે.

ચીન, સિંગાપોર અને થાઇલેન્ડમાં કોરોનાના કેસો જોવા મળ્યા છે. આ અંગે સાવચેતી રાખવા આરોગ્ય કમિશનર ડૉ. નીલમ પટેલે જણાવ્યું.

## (બાઇટ -ડૉ નીલમ પટેલ, આરોગ્ય કમિશનર )

ભરૂચ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે , સિવિલ હોસ્પિટલમાં 100 બેડ ધરાવતો આઇસોલેશન કોવિડ વૉર્ડ કાર્યરત કરાયો છે. આ ઉપરાંત પાંચ ઓક્સિજન પ્લાન્ટ પણ કાર્યરત છે . સિવિલ હોસ્પિટલમાં વેન્ટિલેટર , બાયપેપ મશીનો સહિતની તમામ મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે. લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 ના માધ્યમથી મોકલી શકે છે. લોકો પોતાના વિચાર નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. કાર્યક્રમ માટે મંતવ્ય અને વિચાર સ્વિકારવાનો આજે અંતિમ દિવસ છે.

---

# WEATHER

ગઈ કાલે સાંજે અને મોડી રાત્રે કેટલાંક જિલ્લાઓમાં વરસાદનાં અહેવાલ છે.

સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધી જણાવે છે કે , સુરેન્દ્રનગરમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યા બાદ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. શહેરમાં કેટલીક જગ્યાએ દુકાનોનાં છાપરા અને હોર્ડિંગ્સ ઉડયા હતા.

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે , ગઈ કાલે રાત્રે શહેરા તાલુકાના રેણા મોરવા ગ્રામ્ય વિસ્તારોમાં અને ગોધરા શહેરમાં વરસાદ પડ્યો હતો. જો કે, વાવાઝોડાના પગલે કેરીના પાકને નુકસાન થયું હોવાનાં અહેવાલ છે.

મહીસાગર જિલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે , લુણાવાડા ખાનપુર કડાણા અને સંતરામપુર તાલુકામાં વરસાદનાં અહેવાલ છે. વાવાઝોડાને કારણે ખાનપુર લીમડિયા હાઇવે પર વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા અને વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો.

છોટાઉદેપુર જીલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે , રાત્રીના એક વાગ્યે વાવાઝોડા સાથે વરસાદ વરસતા અનેક સ્થળોએ વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે .

અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે , ભારે વરસાદની આગાહીને પગલે સત્તાવાળાઓએ નાગરિકોને લો-લાઈન કોઝવે પર પાણી હોય ત્યારે પસાર ન થવાની અને નદી-નાળા તેમજ નીચાણવાળા વિસ્તારમાં અવરજવર ટાળવા સૂચના આપી છે અને માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

હવામાન વિભાગે આગામી છ દિવસ સુધી રાજ્યનાં કેટલાંક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આજથી મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સુધીનો ઘટાડો થવાની આગાહી છે.

ગઈ કાલે સવારે આઠથી રાત્રિનાં આઠ વાગ્યા સુધી રાજ્યનાં 10 તાલુકામાં હળવો વરસાદ વરસ્યો હતો. સૌથી વધુ 2.5 ઇંચ રાજકોટ તાલુકામાં અને બે ઇંચ કુંકાવાવ વડિયા તાલુકમાં પડ્યો હતો.

---

# IPL

આઈપીએલ ક્રિકેટમાં , ગઇકાલે લખનૌ સુપર જાયન્ટ્સે ગુજરાત ટાઇટન્સને 33 રનથી હરાવ્યું

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં , રમાયેલી આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા લખનૌની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 235 રન બનાવ્યા. મિશેલ માર્શે 117 અને નિકોલસ પૂરને અણનમ 56 રન બનાવ્યા . જવાબમાં, ગુજરાતની ટીમ ફક્ત 202 રન જ બનાવી શકી. લખનૌ તરફથી વિલિયમ ઓ'રોર્કે 3 જ્યારે અવેશ ખાન અને આયુષ બદોનીએ 2-2 વિકેટ લીધી. મિશેલ માર્શને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે. આ મેચ લખનૌમાં સાંજે સાડા સાત વાગે શરૂ થશે.

---

# WORLD TORTOISE DAY

આજે વિશ્વ કાચબા દિવસ છે. સમગ્ર વિશ્વમાં કાચબાની કુલ સાત પ્રજાતિ પૈકી ભારતના દરિયામાં કુલ પાંચ પ્રજાતિ જોવા મળે છે.